## બ્રિટિશ શાહી પરિવારમાં બેને કેન્સર



2024 બ્રિટિશ શાહી પરિવાર માટે મુશ્કેલ વર્ષ હતું, કારણ કે કિંગ ચાર્લ્સ અને પ્રિન્સેસ કેટ બંનેને કેન્સર હોવાનું નિદાન થયું હતું. પ્રિન્સેસ કેટે જાન્યુઆરીમાં જાહેરમાં તેના નિદાનની જાહેરાત કરી હતી, તો રાજા ચાર્લ્સની સ્થિતિ ફેબ્રુઆરીમાં જાહેર કરવામાં આવી હતી. બંને રાજવીઓએ સમગ્ર વર્ષ દરમિયાન કિમોથેરાપી કરાવી હતી, જેમાં કેટે સપ્ટેમ્બરમાં તેની સાજા થયાની જાહેરાત કરી હતી.

## દ. કોરિયામાં માર્શલ લૉનો નાટકીય અમલ



દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ યૂન સુક યેઓલે ડિસેમ્બરની શરૂઆતમાં વિરોધ પક્ષ પર રાજ્ય વિરોધી પ્રવૃત્તિઓનો આરોપ લગાવીને લશ્કરી કાયદો જાહેર કર્યો હતો. જો કે, આ પગલું માત્ર છ કલાક સુધી ચાલ્યું કારણ કે નેશનલ એસેમ્બલીએ તેની વિરુદ્ધ ઝડપથી મતદાન કર્યું હતું. રાજકીય ઉથલપાથલ યૂનના મહાભિયોગ તરફ દોરી ગઈ અને વડાપ્રધાન હાન ડક-સૂએ રાષ્ટ્રપતિની સત્તા સંભાળી.

## પુટિનના કટ્ટર વિરોધીનું જેલમાં મૃત્યુ



રશિયામાં પુટિનના સૌથી અગ્રણી રાજકીય વિરોધી વ્યક્તિ એલેક્સી નવલનીનું 47 વર્ષની વયે રશિયાની એક દૂરની જેલમાં 16 ફેબ્રુઆરીએ નિધન થયું.



## ટ્રમ્પની હત્યાનો પ્રયાસ

13 જુલાઈ, 2024 ના રોજ, 2024 ની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ, પેન્સિલવેનિયાના બટલર નજીક પ્રચાર રેલીમાં બોલતા હતા ત્યારે હત્યાના પ્રયાસથી બચી ગયા હતા. ટ્રમ્પને પેન્સિલવેનિયાના બેથેલ પાર્કના 20 વર્ષીય વ્યક્તિ થોમસ મેથ્યૂ ક્રૂક્સ દ્વારા તેમના જમણા કાનના ઉપરના ભાગમાં ગોળી વાગી હતી અને ઇજા થઇ હતી. હુમલાખોરે નજીકની ઇમારતની છત પરથી એઆર-15 સ્ટાઇલની રાઇફલમાંથી આઠ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું.

## યુએઈમાં પ્રથમ હિંદુ મંદિરનું ઉદ્‌ઘાટન



યુએઈનાં પ્રથમ હિન્દુ મંદિરનું ઉદ્‌ઘાટન 14 ફેબ્રુઆરીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવ્યું હતું, આ મંદિરનું નિર્માણ બોચાસણવાસી શ્રી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (બીએપીએસ) દ્વારા દુબઈ-અબુ ધાબી શેખ ઝાયેદ હાઇવે પર અલ રહબા નજીક અબુ મુરેખાહમાં 27 એકર જમીન પર લગભગ 700 કરોડ રૂપિયાના ખર્ચે કરવામાં આવ્યું છે.

## ઉત્તર કોરિયાએ કચરા ભરેલા બલૂન દક્ષિણ કોરિયામાં છોડ્યા



ઉત્તર કોરિયાએ દક્ષિણ કોરિયામાં કચરો ભરેલા ઓછામાં ઓછા 260 ફુગ્ગાઓ ફેંક્યાજેના કારણે સત્તાવાળાઓએ તેના રહેવાસીઓને ઘરની અંદર રહેવાની ચેતવણી આપવી પડી. અમુક બલૂન પ્રમુખ નિવાસની નજીક પડ્યા. દક્ષિણ કોરિયાની સેનાએ પણ લોકોને સફેદ ફુગ્ગાઓ અને તેમની સાથે જોડાયેલ પ્લાસ્ટિકની થેલીઓને સ્પર્શ કરવા સામે ચેતવણી આપી હતી.

## ભારત અને કેનેડા વચ્ચે વણસેલા સંબંધો

ભારત અને કેનેડા વચ્ચેના રાજદ્વારી સંબંધોમાં તણાવ હતો. કેનેડામાં અલગાવવાદી શીખ નેતા હરદીપ સિંહ નિજ્જરની હત્યા બાદ વિવાદ શરૂ થયો હતો. કેનેડાએ ભારત પર હત્યામાં સામેલ હોવાનો આરોપ લગાવ્યો છે. ભારતે આનો સખત વિરોધ કર્યો હતો. સ્થિતિ એ હદે પહોંચી ગઈ કે બંને દેશોએ એકબીજાના રાજદ્વારીઓને હાંકી કાઢ્યા. કેનેડામાં ભારતીય મૂળના લગભગ ત્રણ મિલિયન લોકો વસે છે.




## મોસ્કોમાં આતંકી હુમલો

22 માર્ચ 2024ના રોજ, રશિયાના મોસ્કો ઓબ્લાસ્ટના ક્રોકસ સિટી, ક્રાસનોગોર્સ્કમાં ક્રોકસ સિટી હોલ મ્યુઝિક સ્થળ પર એક કોન્સર્ટ દરમ્યાન નાગરિકો સામે સંકલિત આતંકવાદી હુમલો થયો હતો. આ ભયાનક આતંકી હુમલામાં 145નાં મોત થયાં હતાં. આઈએસે આ હુમલાની જવાબદારી લીધી હતી.

## ભારત અને કેનેડા વચ્ચે વણસેલા ભારત-ચીન વચ્ચે પેટ્રોલિંગ બાબતે સમજૂતી

જુલાઈ 2020માં એક સૈન્ય અથડામણમાં ઓછામાં ઓછા 20 ભારતીય સૈનિકો અને ચાર ચીની માર્યા ગયા બાદ ભારત-ચીન વચ્ચેના સંબંધો વણસ્યા હતા. ઓક્ટોબર 24માં ભારતે જાહેરાત કરી હતી કે બંને દેશો હિમાલયમાં તેમની વિવાદિત સરહદ પર લશ્કરી પેટ્રોલિંગ ફરીથી શરૂ કરવા પર સમજૂતી માટે સંમત થયા હતા.

## યુકેમાં ચૂંટણી, સુનકે સત્તા ગુમાવી



યુનાઇટેડ કિંગડમમાં રાજકીય સત્તા ડાબેરીઓ તરફ વળી. લેબર પાર્ટીએ પ્રચંડ સંસદીય બહુમતી મેળવી હતી, જેના કારણે કન્ઝર્વેટિવ પાર્ટીના 14 વર્ષના શાસનનો અંત આવ્યો હતો. 4 જુલાઇના રોજ ચૂંટણી યોજાઇ હતી. લેબર પાર્ટીએ 650 સંસદીય બેઠકોમાંથી 400થી વધુ બેઠકો મેળવી હતી, જે દાયકાઓમાં તેમની સૌથી મોટી બહુમતી હતી. કીર સ્ટારમર યુકેના વડા પ્રધાન બન્યા. ભારતીય મૂળના ઋષિ સુનાક 20 મહિના પીએમ પદે રહ્યા અને ચૂંટણીમાં હાર થતાં રાજીનામું આપ્યું.

## આ દેશોમાં પણ ચૂંટણી થઇ

### શ્રીલંકા

શ્રીલંકામાં રાષ્ટ્રપતિની ચૂંટણી 21 સપ્ટેમ્બરના રોજ યોજાઈ હતી. નેશનલ પીપલ્સ પાવર (એન. પી. પી.) ગઠબંધનના અનુરા કુમાર દિસાનાયકે રાષ્ટ્રપતિ બન્યા. રાષ્ટ્રપતિની ચૂંટણીના બે મહિના પછી, શ્રીલંકામાં 14 નવેમ્બરે સંસદીય ચૂંટણીઓ યોજાઈ હતી. એનપીપીએ 225 બેઠકોમાંથી 159 બેઠકો જીતીને ઐતિહાસિક જીત મેળવી.

### ફ્રાન્સ

ફ્રાન્સે નેશનલ એસેમ્બલીના તમામ 577 સભ્યોને ચૂંટવા માટે 30 જૂનના રોજ પ્રથમ તબક્કાની અને 7 જુલાઈના રોજ બીજા તબક્કાની ચૂંટણીઓ યોજી હતી. યુરોપિયન સંસદની ચૂંટણીમાં તેમના ગઠબંધનને નોંધપાત્ર નુકસાન થયા બાદ રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોને વિધાનસભાને ભંગ કરી દીધી હતી. ચૂંટણીના પરિણામે ત્રિશંકુ સંસદ બની હતી. વડા પ્રધાન મિશેલ બાર્નિયરની આગેવાની હેઠળની સરકાર ડિસેમ્બરની શરૂઆતમાં તેમના કોસ્ટ કટિંગ બજેટ પરના વિશ્વાસ મતમાં પડી ભાંગી હતી.

### દક્ષિણ આફ્રિકા

આફ્રિકન નેશનલ કોંગ્રેસ રંગભેદના અંત પછી પ્રથમ વખત નેશનલ એસેમ્બલીની બહુમતી બેઠકો જીતવામાં નિષ્ફળ રહી.

### જાપાન

લિબરલ ડેમોક્રેટિક પાર્ટી-જેણે બીજા વિશ્વયુદ્ધ પછીના મોટાભાગના સમયગાળા માટે દેશ પર શાસન કર્યું હતું-અને તેના ગઠબંધન ભાગીદાર કોમેઇટોએ સંસદમાં બહુમતી ગુમાવી હતી.

### રશિયા

રશિયામાં પણ ચૂંટણી થઇ અને પુટિન અપેક્ષા મુજબ પાંચમી ટર્મ માટે રાષ્ટ્રપતિ ચૂંટાયા.